પરિચય વિભાગ By www.tethtatguru.com

# સાહિત્યકારો પરિચય પાર્ટ-૫

www.tethtatguru.com

## સુરેશ દલાલ

---

### સુરેશ પુરૂષોત્તમદાસ દલાલ



| | |
|---|---|
| જન્મની વિગત | ૧૧/૧૦/૧૯૩૨<br>થાણા, મહારાષ્ટ્ર |
| મૃત્યુની વિગત | ૧૦/૦૮/૨૦૧૨<br>મુંબઇ |
| મૃત્યુનું કારણ | હૃદયરોગ |
| રાષ્ટ્રીયતા | ભારતીય |

| | |
|---|---|
| **અભ્યાસ** | એમ.એ., પી.એચ.ડી. |
| **વ્યવસાય** | કવિ<br>નિબંધકાર<br>સાહિત્યકાર<br>સંપાદક<br>પ્રકાશક |
| **ખિતાબ** | રણજિતરામ સુવર્ણચંદ્રક,<br>સાહિત્ય અકાદમી એવોર્ડ,<br>નરસિંહ મહેતા એવોર્ડ |
| **ધર્મ** | હિંદુ |

**સુરેશ પુરુષોત્તમદાસ દલાલ** એ ગુજરાતી સાહિત્યકારો પૈકીનું એક જાણીતુ નામ છે. તેમનો જન્મ ૧૧ ઓક્ટોબર, ૧૯૩૨ના રોજ થાણામાં થયો હતો.તેઓ કવિ, તેઓ નિબંધકાર, બાળસાહિત્યકાર, સંપાદક હતા.

૧૯૪૯ માં મેટ્રિક પાસ કર્યા બાદ તેમણે ૧૯૫૩માં ગુજરાતી વિષય સાથે બી.એ.(બેચલર ઓફ આર્ટસ) અને ૧૯૫૫માં એમ.એ.(માસ્ટર ઓફ આર્ટસ)પુર્ણ કર્યું હતુ. ૧૯૫૬માં મુંબઈની કે.સી.સાયન્સ કૉલેજમાં તેમણે ગુજરાતી ભાષાના અધ્યાપક તરીકે ફરજ બજવી હતી. ત્યારબાદ તેમણે ૧૯૬૯માં પી.એચ.ડી. ની ઉપાધી પણ પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ ૧૯૬૦થી ૧૯૬૪ સુધી એચ.આર.કૉલેજ ઑફ કૉમર્સમાં, ૧૯૬૪થી ૧૯૭૩ સુધી કે.જે.સોમૈયા કૉલેજમાં અને ૧૯૭૩થી અદ્યપર્યંત એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટીમાં ગુજરાતીના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી.

ઉપરાંત તેઓ ‘કવિતા’ માસિકના સંપાદક પણ રહી ચુક્યા છે. ૧૯૮૩નો રણજિતરામ સુવર્ણચંદ્રક તેમને એનાયત કરવામાં આવ્યો હતો. તેમણે ૨૦૦૫નોસાહિત્ય અકાદમી એવોર્ડ તેમના કાવ્યસંગ્રહ **અખંડ ઝાલર વાગે** માટે મેળવ્યો હતો.

## સર્જન

### કાવ્યસંગ્રહો

- ‘એકાન્ત’ (૧૯૬૬)
- ‘તારીખનું ઘ’ (૧૯૭)
- ‘અસ્તિત્વ’ (૧૯૭૩)
- ‘નામ લખી દઉં’ (૧૯૭૫)
- ‘હસ્તાક્ષર’ (૧૯૭૭)
- ‘સિમ્ફની’ (૧૯૭૭)
- ‘રોમાંચ’ (૧૯૭૮)
- ‘સાતત્ય’ (૧૯૭૮)

- 'પિરામિડ' (૧૯૭૯)
- 'રિયાઝ' (૧૯૭૯)
- 'વિસંગતિ' (૧૯૮૦)
- 'સ્કાઈસ્ક્રેપર' (૧૯૮૦)
- 'ઘરઝુરાપો' (૧૯૮૦)
- 'એક અનામી નદી' (૧૯૮૨)
- 'ઘટના' (૧૯૮૪)
- 'રાધા શોધે મોરપિચ્છ' (૧૯૮૪)
- 'કોઈ રસ્તાની ધારે ધારે' (૧૯૮૫)
- 'પવનના અશ્વ' (૧૯૮૭)

એમાંનાં કેટલાંક નોંધપાત્ર ગીતો એ એમનું મહત્વનું પ્રદાન છે. આ સંગ્રહોની રચનાઓને 'કાવ્યસૃષ્ટિ' (૧૯૮૬) નામક સંકલનગ્રંથમાં સમાવી લેવાનો પ્રયત્ન કર્યો છે.

## બાળકાવ્ય સંગ્રહ

- 'ઈટ્ટાકિટ્ટા' (૧૯૬૧)
- 'ધીંગામસ્તી' (૧૯૬૩)
- 'અલકચલાણું' (૧૯૬૪)
- 'ટિંગાટોળી' (૧૯૯૭)
- 'છાકમ છલ્લો' (૧૯૭૭)
- 'બિન્દાસ' (૧૯૮૦)

## વાર્તાસંગ્રહ

- 'પિનકુશન' (૧૯૭૮)

એમણે કેટલીક બાળવાર્તાઓ પણ આપી છે.

## નિબંધસંગ્રહો

- 'મારી બારીએથી'-ભા.-૨ (૧૯૭૫)
- 'સમી સાંજના શમિયાણામાં' (૧૯૮૧)
- 'ભૂરા આકાશની આશા' (૧૯૮૨)
- 'મોજાને ચીંધવા સહેલાં નથી' (૧૯૮૪)
- 'અમને તડકો આપો' (૧૯૮૭)

- આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

## વિવેચન ગ્રંથ

- ‘અપેક્ષા’ (૧૯૫૮)
- ‘પ્રક્રિયા’ (૧૯૮૧)
- ‘સમાગમ’ (૧૯૮૨)
- ‘ઈમ્પ્રેશન્સ’ (૧૯૮૪)
- ‘કવિપરિચય’ (૧૯૮૬)
- ‘કવિતાની બારીએથી’ (૧૯૮૭)

## સંપાદનગ્રંથો

- કાન્ત વિષયક ‘ઉપહાર’ (૧૯૫૭)
- ઉમાશંકર વિષયક ‘કવિનો શબ્દ’(૧૯૫૮)
- સુન્દરમ્ વિષયક ‘તપોવન’ (૧૯૫૯)
- વેણીભાઈ પુરોહિત અને બાલમુકુન્દ દવે વિષયક ‘સહવાસ’ (૧૯૭૫)
- જયંત પાઠક વિષયક ‘વગડાનો શ્વાસ’ (૧૯૭૮)
- મકરંદ દવે વિષયક ‘અમલપિયાલી’ (૧૯૮૦)

## અનુવાદો

- નેથેનિયલ હૉર્થોનની નવલકથાનું ભાષાંતર ‘ચાંદનીની લૂં’ (૧૯૬૭)
- ‘મરાઠી કવિતા’ (૧૯૭૭)
- ‘ત્રિરાત’ (૧૯૮૫)

આ ઉપરાંત મુલાકાત-આધારિત તેમ જ બાળકિશોર સાહિત્યનાં અન્ય પ્રકીર્ણ પુસ્તકો પણ એમણે આપ્યાં છે.

# આસ્વાદ

***એકાન્ત (૧૯૬૬, ૧૯૭૮):*** ૧૨૦ જેટલાં કાવ્યો ધરાવતો સુરેશ દલાલનો પ્રથમ કાવ્યસંગ્રહ. એમાં મધ્યકાલીન ગોપજીવનના ભાવો, પ્રણય, પ્રકૃતિ, અધ્યાત્મ અને સમકાલીન આધુનિક ચેતનાને વ્યક્ત કરતા વિષયોને ગૂંથવાનો કવિએ પ્રયાસ કર્યો છે. સૉનેટો, અન્ય છાંદસ રચનાઓ, અછાંદસ કાવ્યો અને ગીતો-એમ વિવિધ પ્રકારોમાં એમની સર્જકતા આવિષ્કૃત થઈ છે. ગીતો એમને વિશેષ રુચે છે. પ્રસ્તુત સંગ્રહમાંનું ગીતોનું પ્રમાણ એની સાક્ષી પૂરે છે. ઘણાં ગીતોમાં શબ્દ કરતાં સૂરનું પ્રભુત્વ વધારે રહેલું લાગે છે. આમ છતાં ‘અવલાના દવલા સંગાથ’, ‘ઠપકો’, ‘વ્હેતું ના મેલો’, ‘તો જાણું’, ‘થોભ્યાનો થાક’, ‘ઈજન’ જેવાં ગીતો કાવ્યાત્મક છે. રાધાકૃષ્ણવિષયક કેટલાંક ગીતો પણ આસ્વાદ્ય છે. ‘નિકટ-દૂર’, ‘અષાઢે’ અને ‘એ જ શમણે’ પ્રમાણમાં સારાં સૉનેટ છે. ‘અષાઢે’માં વિરહી યક્ષની તુલનાએ આધુનિક નાગરી નાયકની વિરહવેદના કેવી દારુણ છે એ એમણે સરસ રીતે ઉપસાવ્યું છે. ‘એ જ શમણે’માં સવાર, બપોર, સાંજના રેઢિયાળ નિત્યક્રમ પછી શહેરી નાયકને ભાવતી રાતનો મહિમા સુંદર રીતે પ્રગટ કરવામાં આવ્યો છે. ‘ફ્લેટમાં’ નામનું પરંપરિત હરિગીતમાં રચાયેલું એક લાંબું કાવ્ય થોડી મુખરતા હોવા છતાં કવિકર્મની દ્રષ્ટિએ નોંધપાત્ર છે. એમાંનો આધુનિક સભ્યતા પરનો કટાક્ષ આસ્વાદ બન્યો છે. બોલચાલની સહજ ભાષાના લહેકાઓ દ્વારા અહીં કવિત્વ નિષ્પન્ન

થયું છે. 'જોજો-જરા સંભાળજો' પણ આવી જ શૈલીમાં લગભગ આવા જ વિષય પર સર્જાયેલું કાવ્ય છે. 'એકાન્ત' માં પરંપરાનું અનુસરણ વધારે અને મૌલિક ઉન્મેષો ઓછા જોવા મળે છે.

ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્પ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો

# બાલમુકુન્દ દવે

**દવે બાલમુકુન્દ મણિશંકર (૭-૩-૧૯૧૬) : કવિ.** જન્મ વડોદરા જિલ્લાના મસ્તુપુરામાં. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અનુક્રમે મસ્તુપુરા-કુકરવાડાની ગુજરાતી સરકારી શાળામાં અને વડોદરાની શ્રી સયાજી હાઈસ્કૂલમાં. મૅટ્રિક થઈ ૧૯૩૮માં અમદાવાદ આવી શરૂઆતમાં સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયમાં કામ કર્યા બાદ થોડો વખત પત્રકારત્વ ક્ષેત્રે કામગીરી બજાવી. 'નવજીવન' માં જોડાયા. ત્યાંથી ત્રણ દાયકે નિવૃત્ત થઈ હાલ નવજીવન પ્રકાશિત 'લોકજીવન'નું સંપાદન કાર્ય કરે છે. ૧૯૪૯માં કુમારચન્દ્રક.

બાળપણમાં માણેલું પ્રકૃતિસૌંદર્ય, દાદીમાનાં પ્રભાતિયાં તેમ જ લગ્નગીતોનું શ્રવણ તથા ચિંતનાત્મક અને પ્રેરક સાહિત્યનું વાચન -આ બધાંએ એમના કવિવ્યક્તિત્વને ઘડવામાં મહત્વનો ફાળો આપ્યો છે; તો એમની કવિતાના ઘડતરમાં બુધસભાએ તેમ જ કવિ વેણીભાઈ પુરોહિતની મૈત્રીએ પણ ફાળો આપ્યો છે. એમના કાવ્યસંગ્રહ 'પરિક્રમા' (૧૯૫૫)માં પ્રકૃતિ, પ્રણય અને ભક્તિનાં કાવ્યો-ગીતો છે. પદ્યરૂપોની જેમ એમાં કાવ્યસ્વરૂપોનું પણ વૈવિધ્ય છે. શિષ્ટ પ્રાસાદિક વાણી અને સાચકલી ભાવાનુભૂતિ એમની કવિતાને નિર્વ્યાજ મનોહારિતા અર્પે છે. સૌંદર્યલક્ષિતા અને સૌંદર્યબોધ એ કવિધર્મનું આ કવિએ યથાર્થ પરિપાલન કર્યું છે. 'સહવાસ' (૧૯૭૬)માં એમનાં કાવ્યોનું વેણીભાઈ પુરોહિતનાં કાવ્યો સાથે સુરેશ દલાલ સંપાદન કર્યું છે. એમના બાળકાવ્યોના ત્રણ સંગ્રહો 'સોનચંપો' (૧૯૫૯), 'અલ્લક દલ્લક' (૧૯૬૫) અને 'ઝરમરિયાં' (૧૯૭૩ ) પ્રગટ થયા છે. આ ઉપરાંત એમણે પ્રૌઢશિક્ષણ માટે 'ઘટમાં ગંગા' (૧૯૬૬) નામે વ્યક્તિચિત્રોની એક પુસ્તિકા લખી છે. (- હેમન્ત દેસાઈ)

**પરિક્રમા (૧૯૫૫) :** બાલમુકુન્દ દવેનો, ૧૯૩૮ થી ૧૯૫૫ સુધીના ગાળાની ૧૦૩ કાવ્યકૃતિઓનો સંગ્રહ. ભાવરસ્યાં ચિત્રાંકન, મર્મસ્પર્શી ઊર્મિઆલેખન અને પ્રાસાદિક ને પ્રભાવક અભિવ્યક્તિથી દીપ્ત કાવ્યોનો આ સંગ્રહ ગુજરાતી કવિતામાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે. એમાંની કવિતા મુક્તક, સૉનેટ, ખંડકાવ્ય, ગીત, ભજન આદિ વિવિધ સ્વરૂપે વહે છે. સંસ્કૃતવૃત્તો જેટલું જ કૌશલ ગેયરચનાઓ પરત્વે પણ કવિ દાખવે છે, ગેયરચનાઓ આપણાં લોકગીતો અને ભજનોના ઢાળમાં થયેલી છે અને એમાં લોકબાનીની તેમ જ તેનું વાતાવરણ અનુભવાય છે. વિષયવૈવિધ્યની દ્રષ્ટિએ 'હડદોલા', 'બંદો અને રાણી', 'નેડો', 'હિના', 'ભીના વાયરા' જેવાં ઉલ્લાસમય પ્રણયગીતો છે; 'સંચાર', 'હોડી', 'શમણાંનો સથવારો', 'એકલપંથી' જેવી અધ્યાત્મભાવની રચનાઓ છે; તો 'સુરગંગાનો દીવડો', 'ઝાકળની પિછોડી'

જેવાં આસ્વાદ્ય ભજનો છે. ‘નદીકાંઠે સૂર્યાસ્ત’, ‘ચાંદની’, ‘નર્મદા તટે પૂર્ણિમા’ , ‘સાબરમાં ઘોડાપૂર જોઈને’, ‘પરોઢ’ વગેરે પ્રકૃતિદર્શનના મુગ્ધ આનંદનું નિરૂપણ કરતાં કાવ્યો કવિની લાક્ષણિક વર્ણનશક્તિનાં પરિચાયક છે. ‘મોગરો’, ‘આકાશી અસવાર’, ‘શ્રાવણ નીતર્યો’ વગેરે ગીતો પણ એવી પ્રતીતિ કરાવે છે. સંગ્રહનું છેલ્લું કાવ્ય કવિશક્તિનું નિદર્શક છે તેમ આપણાં ગીતોની સમૃદ્ધિની સાબિતીરૂપ છે. ‘તું જતાં’ અને ‘જૂનું ઘર ખાલી કરતાં’ અનુક્રમે પત્ની અને પુત્રના અવસાનથી અનુભૂત સંવેદનને પ્રબળતાથી નિરૂપે છે; તો ‘વીરાંજલિ’, ‘સજીવન શબ્દો’ અને ‘હરિનો હંસલો’ અનુક્રમે ન્હાનાલાલ, મેઘાણી અને ગાંધીજી વિશેની શોકપ્રશસ્તિઓ છે. જહાંગીરના સમયના પ્રસંગનિરૂપણનું ‘બેવડો રંગ’ અને વિદ્યાર્થી અવસ્થાનો ચિતાર આપતું વિનોદમય ‘વડોદરા નગરી’ નિજી વિશેષતાઓથી ધ્યાન ખેંચે છે.

# વેણીભાઈ પુરોહિત

| વેણીભાઈ જમનાદાસ પુરોહિત | |
|---|---|
| જન્મની વિગત | ૧ ફેબ્રુઆરી, ૧૯૧૬<br>જામખંભાળીયા, ગુજરાત, ભારત |
| મૃત્યુની વિગત | ૩ જાન્યુઆરી, ૧૯૮૦<br>મુંબઇ |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| હુલામણું નામ | અખા ભગત, સંત ખુરશીદાસ |
| નાગરીકતા | ભારતીય |
| અભ્યાસ | પ્રાથમિક, મુંબઇ; માધ્યમિક, જામખંભાળીયા |
| વ્યવસાય | પત્રકાર |
| ધર્મ | હિંદુ |

**વેણીભાઈ જમનાદાસ પુરોહિત**, ‘સંત ખુરશીદાસ’ (૧ ફેબ્રુઆરી ૧૯૧૬, ૩ જાન્યુઆરી ૧૯૮૦) કવિ અને વાર્તાકાર હતા.

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

## જીવન

જન્મ જામખંભાળિયામાં. પ્રાથમિક શિક્ષણ મુંબઈમાં, માધ્યમિક શિક્ષણ જામખંભાળિયામાં. વ્યવસાયાર્થે મુંબઈમાં 'બે ઘડી મોજ'માં જોડાયા. ૧૯૩૯ થી ૧૯૪૨ સુધી અમદાવાદમાં 'પ્રભાત' દૈનિક, 'ભારતી સાહિત્ય સંઘ' અને 'સસ્તું સાહિત્ય'માં પ્રૂફરીડિંગ. ૧૯૪૨ ની લડતમાં દશ માસ જેલવાસ. ૧૯૪૪ થી ૧૯૪૯ સુધી 'પ્રજાબંધુ' અને 'ગુજરાત સમાચાર'માં પત્રકાર. ૧૯૪૯થી જીવનના અંત સુધી મુંબઈમાં 'જન્મભૂમિ' દૈનિકમાં. મુંબઈમાં અવસાન.

## સર્જન

એમણે 'સિંજારવ' (૧૯૫૫), 'ગુલઝારે શાયરી' (૧૯૬૨), 'દીપ્તિ' (૧૯૬૬) અને 'આચમન' (૧૯૭૫) કાવ્યસંગ્રહોની રચનાઓમાં ગીત, ભજન, ગઝલ, સૉનેટ, મુક્તક તેમ જ લાંબી વર્ણનાત્મક રચનાઓ જેવા કાવ્યપ્રકારો અજમાવ્યા છે. માત્રા મેળ દેશીઓ, સંસ્કૃતવૃત્તો ને અછાંદસમાં પણ એમણે રચનાઓ કરી છે. એમની કવિતાનું ઉત્તમાંગ ગીતો અને ભજનો છે. બાળવયે વતનમાં મળેલા સંગીતના સંસ્કારો એમનાં ગીતોમાં શબ્દસંગીતથી સૂક્ષ્મ સૂઝ સાથે પ્રગટ થયા છે. 'નાનકડી નારનો મેળો', 'ઝરમર', 'અમારા મનમાં', 'પરોઢિયાની પદમણી' વગેરે નોંધપાત્ર ગીતો છે. ભજનોમાં તળપદી વાણીની બુલંદતા, પ્રાચીન લયઢાળોની સહજ હથોટી અને ભક્તિ તથા ભાવનાભર્યું સંવેદનતંત્ર એમને સિદ્ધિ અપાવે છે.

'નયણાં', 'અમલકટોરી', 'હેલી', 'વિસામો', 'સુખડ અને બાવળ' વગેરે ઉત્તમ ભજનો છે. મસ્તી, માધુર્ય, ચિત્રાત્મકતા, પ્રવાહિતા અને મોકળાશ એ એમની અભિવ્યક્તિની લાક્ષણિકતાઓ છે. પ્રણય, પ્રભુ, દેશભક્તિ, પ્રકૃતિ અને તત્કાલીન ઘટનાઓનું નિરૂપણ એમણે રંગદર્શી દ્રષ્ટિથી કર્યું છે.

એમની કેટલીક ગઝલો સ્મરણીય છે; છતાં એકંદરે ગઝલ, સૉનેટ કે અછાંદસમાં એમને ખાસ સફળતા મળી નથી. 'અખાભગત'ના ઉપનામથી એમણે 'જન્મભૂમિ'માં કટાક્ષ-કટાર ચલાવી હતી, તેમાં તત્કાલીનતા વધુ અને કવિતા ઓછી છે. 'કાવ્યપ્રયાગ' (૧૯૭૮)માં પ્રાચીન-અદ્યતન કાવ્યોનો અરૂઢ ભાષામાં ભાવલક્ષી આસ્વાદ કરાવેલો છે. એમણે 'અત્તરના દીવા' (૧૯૫૨), 'વાંસનું વન', 'સેતુ' નામના વાર્તાસંગ્રહો પણ આપ્યાં છે.

ઉમાશકર જોષી તેમને ' બંદો બદામી' કહેતા હતા. કવિ બાલમુકુંદ દવે તેમના ખાસ મિત્ર હતા. ગુજરાતી ચલચિત્ર 'કંકુ' ના બધા ગીતો તેમના લખેલા છે.

## મુખ્ય રચનાઓ

- કવિતા:

  1. સિંજારવ,
  2. ગુલઝારે શાયરી,
  3. દીપ્તિ,
  4. આચમન,
  5. સહવાસ - બાલમુકુંદ દવે સાથેનો સંયુક્ત કાવ્ય સંગ્રહ

- વાર્તાસંગ્રહ:

  1. અત્તરના દીવા,

2. વાંસનું વન,
3. સેતુ

- સંપાદન:

1. કાવ્યપ્રયાગ

## લાક્ષણિકતાઓ

- રંગદર્શી અને વ્યંગ- વિનોદવાળી રચનાઓ
- સંગીતની સૂઝ વાળા કવિ
- ગીતો અને ગઝલોમાં શબ્દ અને લયનું માધુર્ય અને ભાવની સચ્ચાઇ અને કલ્પનાની ચારુતા પ્રગટ થયેલી છે.

# લાભશંકર ઠાકર

| લાભશંકર ઠાકર | |
|---|---|
| **જન્મ** | લાભશંકર જાદવજી ઠાકર<br>ચૌદમી જાન્યુઆરી, ૧૯૩૫<br>સેડલા, સુરેન્દ્રનગર, ગુજરાત, ભારત |
| **મૃત્યુ** | જાન્યુઆરી ૬, ૨૦૧૬<br>અમદાવાદ |
| **રાષ્ટ્રિયતા** | ભારતીય |
| **નોંધપાત્ર પુરસ્કારો** | **કુમારચંદ્રક, નર્મદ સુવર્ણચંદ્રક**<br>૧૯૬૨<br>**રણજિતરામ સુવર્ણચંદ્રક**<br>૧૯૮૧ |

ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્પ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો

**લાભશંકર જાદવજી ઠાકર** ઉપનામ 'પુનર્વસુ' (જન્મ: ૧૪ જાન્યુઆરી ૧૯૩૫; અવસાન: ૬ જાન્યુઆરી ૨૦૧૬) ગુજરાતી ભાષાના જાણીતા સાહિત્યકાર હતા. તેઓ કવિ, નાટ્યકાર, નવલકથાકાર, નિબંધકાર તેમજ આયુર્વેદ ચિકિત્સક હતા. એમનું વતન સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા સુરેન્દ્રનગર જિલ્લાનું પાટડી ગામ હતું તથા એમનો જન્મ ચૌદમી જાન્યુઆરી ૧૯૩૫ના રોજ સેડલા ગામ ખાતે થયો હતો. તેમની ૮૧મી વર્ષગાંઠના લગભગ એક અઠવાડીયા પહેલા ૬ જાન્યુઆરી૨૦૧૬ના રોજ અમદાવાદ ખાતે તેમનું અવસાન થયું

## અભ્યાસ

તેમણે ગુજરાતી મુખ્ય વિષય સાથે ઈ. સ. ૧૯૫૭માં સ્નાતક (બી.એ.), ઈ. સ. ૧૯૫૯માં અનુસ્નાતક (એમ.એ.) તથા ઈ. સ. ૧૯૬૪માં શુદ્ધ આયુર્વેદિક કોર્સના ડિપ્લોમાની પદવીઓ સફળતાપૂર્વક હાંસલ કરી હતી..

## વ્યવસાય

લાભશંકર ઠાકર સાતેક વર્ષ અમદાવાદ શહેરની વિવિધ કોલેજોમાં અધ્યાપક તરીકે રહ્યા હતા અને ત્યારબાદ પોતાના ચિકિત્સાલયમાં આયુર્વેદીય ચિકિત્સક તરીકે વ્યવસાય કરતા રહ્યા

## પુરસ્કાર

- ૧૯૬૨ - કુમારચંદ્રક, નર્મદ સુવર્ણચંદ્રક.
- ૧૯૮૧ - રણજિતરામ સુવર્ણચંદ્રક.


- આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.


## સર્જન

‘આકંઠ સાબરમતી’ નામની નાટ્યલેખકોની વર્કશોપમાં સક્રિય રસ. ‘કૃતિ’, ‘ઉન્મૂલન’ જેવાં સામયિકોનું પ્રકાશન.

સાતમા દાયકામાં ગાંધીયુગીન અને અનુગાંધીયુગીન સૌંદર્યલક્ષી કવિતાથી જુદી પડતી જતી આધુનિક મિજાજવાળી કવિતા લઈને જે કવિઓ ગુજરાતી કવિતામાં આવ્યા તેમાં લાભશંકર અને એમના ‘રે મઠ’ ના કવિઓની કવિતાનો અગત્યનો ફાળો હતો. ‘વહી જતી પાછળ રમ્ય ઘોષા’ (૧૯૬૫) ની મોટા ભાગની રચનાઓ અક્ષરમેળ-માત્રામેળ છંદોનો ઉપયોગ, સાંપ્રતમાંથી અતીતની સ્મૃતિમાં સરવાની ટેવ, પ્રકૃતિનાં તત્વો પ્રત્યે આકર્ષણ ઇત્યાદિ વલણોને લીધે, અલબત્ત, પુરોગામી કવિતા સાથેનું અનુસંધાન વિશેષ જાળવે છે. તોપણ એમાંની ‘તડકો’ રચના પરંપરાને છોડી પ્રયોગશીલતા તરફ ગતિ કરતી કવિની શક્તિની સૂચક છે. છાંદસ-અછાંદસના મિશ્રણ સહિતની, કલ્પનોનો વિશેષ આશ્રય લેતી અને વાચ્યાર્થમાં અતાર્કિક બનતી શૈલી, ગાંભીર્ય અને હળવાશનું સંયોજન, લયનું વૈવિધ્ય, વ્યક્તિત્વની ખંડિતતા અને નિર્ભ્રાન્તિનો અનુભવ વગેરે આધુનિક કવિતાનાં ઘણાં લક્ષણોવાળી ‘માણસની વાત’ (૧૯૬૮) જેવી દીર્ઘ કવિતા કવિને આધુનિક કવિઓમાં અગ્રસ્થાને મૂકી દે છે. ‘મારે નામને દરવાજે’ (૧૯૭૨)નાં કેટલાંક કાવ્યોમાં શબ્દથી વ્યક્ત ન થઈ શકવાને લીધે મનમાં અનુભવાતી ભીંસ, અસ્તિત્વની સ્થગિતતા, મજબૂત ચોકઠાં ને બંધ બારણાં સામેનો વિદ્રોહ વગેરે ભાવો વ્યક્ત થયા છે. એમાંનું ‘લઘરો’ કાવ્યજૂથ ભાષાસામર્થ્ય વિશે શ્રદ્ધા ગુમાવતા કવિની, હાસ્ય-

કટાક્ષનો આશ્રય લઈ કરેલી વિડંબનાથી ધ્યાનપાત્ર બન્યું છે. 'બૂમ કાગળમાં કોરા' (૧૯૭૪) નાં કાવ્યોમાં શબ્દની વંધ્યતા સંવેદનનો વિષય બને છે. શબ્દવિષયક આ સંવેદના શબ્દ દ્વારા જ વ્યક્ત થવા મથે છે ત્યારે એ વખતોવખત વિચારતત્વના ભારણવાળી અને સંવેદનના પુનરાવર્તનવાળી બની જાય છે. 'પ્રવાહણ' (૧૯૮૬) એ દીર્ઘકાવ્યમાં મળોત્સર્ગની જુગુપ્સાપ્રેરક અને ગુહ્ય ક્રિયાની સહોપસ્થિતિમાં કાવ્યોત્સર્ગની ક્રિયાને મૂકી સર્જનની પ્રવૃત્તિની વિડંબના-વેદનાને કવિએ સબળ અભિવ્યક્તિ આપી છે.

લેખકનું પહેલું એકાંકી 'અસત્યકુમાર એકાગ્રની ધરપકડ', 'રેમઠ'ના પાંચ સર્જકમિત્રોએ સાથે મળી પ્રગટ કરેલા એકાંકીસંગ્રહ 'મેઈક બિલીવ' (૧૯૬૭)માં મળે છે. આ એકાંકી અને ત્યાર પછી પ્રગટ થયેલા સ્વતંત્ર એકાંકીસંગ્રહ 'મરી જવાની મઝા' (૧૯૭૩)નાં એકાંકીઓ ઍબ્સર્ડ શૈલીનાં છે. નાટ્યોચિત ભાષાની સૂઝ અને નિરૂપણની હળવાશ એ એના આસ્વાદ્ય અંશો છે, પરંતુ ક્રિયા કરતાં સંવાદનું વિશેષ ભારણ અને કવિચત્ ઘટનાની યોગ્ય માવજત કરવાની ખામીને લીધે એમાં નાટ્યતત્વ ખૂટે છે. પરંતુ પહેલાં પ્રયોગ અને પછી લેખન એ લીલાનાટ્યની પ્રક્રિયામાંથી મળેલાં 'આકંઠ સાબરમતી' ની નીપજરૂપ 'બાથટબમાં માછલી' (૧૯૮૨) નાં એકાંકીઓમાં નાટ્યતત્વ પૂરેપુરું સિદ્ધ થતું જોવાય છે. ભાષાનો શબ્દ અપૂરતો લાગતાં આંગિક અભિનય અને અન્ય અવાજોની મદદથી નાટ્યઅર્થને ઉપસાવવાનો જે ઉપક્રમ આ એકાંકી-નાટકોમાં છે તે તત્વ ગુજરાતી નાટકના વિકાસમાં મહત્વનું સ્થિત્યંતર છે. સુભાષ શાહ અને રચેલા સેમ્યુઅલ બેકેટના 'વેઈટિંગ ફોર ગોદો' નાટકથી પ્રભાવિત ત્રિઅંકી નાટક 'એક ઊંદર અને જદુનાથ' (૧૯૬૬)માં નાટ્યતત્વ કરતાં પ્રયોગનાવીન્ય વિશેષ છે. પાંચપ્રવેશી દ્વિઅંકી નાટક 'પીળું ગુલાબ અને હું' (૧૯૮૫) પણ 'લીલાનાટ્ય' ની નીપજ છે. આ નાટકમાં કૃતકતા અને દાંભિકતાથી ઉબાઈ ગયેલી, અકૃતક પ્રેમસ્પર્શને ઝંખતી એક સ્ત્રીની વેદના વ્યક્ત થઈ છે.

લેખકની બે નવલકથાઓમાંની 'અકસ્માત' (૧૯૬૮) એ સાદી પ્રણયકથા છે, તો 'કોણ ?' (૧૯૬૮) એ નક્કર કારણોના અભાવને લીધે અપ્રતિકાર પરિસ્થિતિ પર મંડાયેલી અને સંઘર્ષ વગરની, જીવનથી નિર્ભ્રાન્ત બનેલા, ચીલેચલુ જીવનને છોડી નાસી છૂટતા, એક વિલક્ષણ વ્યક્તિત્વવાળા યુવાનની કથા છે.

'ઈનર લાઈફ' નવલકથા-સ્વરૂપની તપાસ કરતો દિનેશ કોઠારીના સહયોગમાં લખેલો વિવેચનગ્રંથ છે. 'મળેલા જીવની સમીક્ષા' (૧૯૬૯) અધ્યાપકીય વિવેચનનું પુસ્તક છે. લોકસત્તા (દૈનિક) માં કટારલેખો રૂપે લખેલા લેખોનો સંગ્રહ 'સર્વમિત્ર' (૧૯૮૬) આયુર્વેદીય ગ્રંથ હોવા છતાં દરેક પ્રસંગની સાથે સંકળાયેલા સર્વમિત્રના વ્યક્તિત્વની કેટલીક વિલક્ષણ રેખાઓથી જુદા પ્રકારનો ગ્રંથ બને છે. 'એક મિનિટ' (૧૯૮૬) એ રાજ્ય, ધર્મ, શિક્ષણ, કલા, સાહિત્ય આદિ પરના, સંવેદનથી ચમકતા લઘુલેખોનો સંગ્રહ છે. 'મારી બા' (૧૯૮૯) ચરિત્રપુસ્તક છે.

**વહી જતી પાછળ રમ્ય ઘોષા (૧૯૬૫) :** લાભશંકર ઠાકરનો પરંપરા અને પ્રયોગના સંધિકાળનો કાવ્યસંગ્રહ. અહીં મિશ્રોપજાતિની શક્યતા અને પ્રવાહિતા ખીલવવાનો પ્રયત્ન ખાસ આગળ તરી આવે એવો છે. સંમુખના જીવનકોલાહલ કરતાં કવિનું ધ્યાન અતીતની જીવનગતિ તરફ વિશેષ રહ્યું છે. સ્મૃતિબિંબો કલ્પન તરીકે રચનાઓમાં આહલાદક રીતે ઊપસેલાં છે. 'ચાંદરણું', 'અંતિમ ઈચ્છા' જેવાં પારંપરિક કાવ્યોની સાથે 'ચક્રપથ', 'સાંજના ઓળા લથડતા જાય', 'સૂર્યને શિક્ષા કરો' જેવાં પ્રયોગનાં કાવ્યો ગોઠવાયેલાં છે. પ્રયોગની આત્યંતિકતા બતાવતું પ્રસિદ્ધ 'તડકો' કાવ્ય ખાસ ઉલ્લેખનીય છે.

**માણસની વાત (૧૯૬૮) :** લાભશંકર ઠાકરની દીર્ઘ કાવ્યરચના. અહીં શુદ્ધ કવિતાનો આશય છે, તેમ જ કેવળ પ્રેરણાને સ્થાને સંવિધાનકલાનો પુરસ્કાર છે. કથાદોરને બદલે ભાષાદોર પર આગળ વધતી આ રચનામાં કવિએ વિધાનોથી કાર્ય સાધ્યું છે. કટાક્ષ, વક્રતા, ઉપહાસ-ઠઠ્ઠાવિરોધની પ્રજ્ઞાનો કલ્પન-પ્રતીક-પ્રતિભાવનાં સંવેદનો સાથેનો સમન્વય સૂક્ષ્મ છે. ગદ્યવિધાનોની સાથે સાથે શાલિની, વસંતતિલકા, મિશ્રોપજાતિ, પૃથ્વીનો લય ચમત્કારિક છે. લોકકથાના લહેકાઓ અને લોકગીતોના ઢાળોનું અનુસંધાન માર્મિક છે. અહીં 'માણસ' જેવી જાતિવાચક સંજ્ઞામાંથી આદિથી આજ સુધી ચાલી આવેલી બિનઅંગત-અંગત, વાત બત્રીસ વર્ષના અનુભવ-કેન્દ્રથી આરંભાયેલી છે. આધુનિક કવિતાનાં મહદ્ લક્ષણો આ રચનાઓ પ્રગટ કર્યાં છે.

**મારા નામને દરવાજે (૧૯૭૨) :** ભાષાસંયોજનો અને ભાષાસંવેદનોની બળુકી અભિવ્યક્તિઓ દર્શાવતો લાભશંકર ઠાકરનો બાસઠ રચનાઓને સમાવતો પ્રયોગશીલ કાવ્યસંગ્રહ. ભાષાની પ્રત્યાયનશીલતાનો વિરોધ કરતી ભાષાની ક્રાંતિકારક વિભાવના અહીં

રચનાઓ પાછળ કાર્યરત છે. અસંગતતા અને અસંબદ્ધતાને કેન્દ્રમાં રાખી જોડાતા શબ્દસંદર્ભોની ચમત્કૃતિ આધુનિક ચેતનાની વિચ્છિન્નતા અને અર્થહીનતાને વ્યક્ત કરવા મથે છે. મુખ્યત્વે અચેતનના સ્તરેથી આવતી હોય એવી પ્રતીક-કલ્પનની સામગ્રી વાસ્તવિકતાનો તારસ્વરે વિરોધ કરે છે. પારંપરિક કાવ્યલયોની તો અહીં ઠેર ઠેર વિડંબના છે. આધુનિક મનુષ્યની વિડંબના જેવાં 'લઘરા' નાં કાવ્યો પણ ખાસ ઉલ્લેખપાત્ર છે. 'અવાજને ઊંચકી શકાતો નથી / ને ઊંચકી શકતું નથી મૌન' જેવી જાણીતી રચના પણ અહીં છે.

**એક ઊંદર અને જદુનાથ (૧૯૬૪) :** 'રે મઠ' દ્વારા પ્રકાશિત લાભશંકર ઠાકર અને સુભાષ શાહનું લખેલું ત્રિઅંકી નાટક. બૅકેટના 'વેઇટિંગ ફૉર ગોદો' ને અનુલક્ષીને લખાયેલું આ નાટક અસ્તિત્વવાદ અને ઍબ્સર્ડની વિચારધારાઓને તથા એ બંનેના પ્રયોગપ્રવાહોને અનુસરે છે. અ અને બ નામના બે અજાણ્યા શખ્સોનો સતત સંવાદ ચાલતો હોવા છતાં એમની વાતચીતમાં કોઈ દોર નથી. અસ્તિત્વની વેદના, મૃત્યુ અને ભયની પરિસ્થિતિઓ, જીવનની વિફળતા-આ બધાના અધ્યાસો ઠેર ઠેર પડઘાયા કરે છે.

**પીળું ગુલાબ અને હું (૧૯૮૫) :** લાભશંકર ઠાકરનું દ્વિઅંકી નાટક. અહીં અભિનયની તીવ્રતાને લીધે એક તબક્કે વાસ્તવિક જીવન અને અભિનયની થઈ જતી ભેળસેળથી સર્જાતી સંકુલ મનઃસ્થિતિનું નાટકની અભિનેત્રી નાયિકા સંધ્યા અને સ્ત્રી-નિર્માતાનાં પાત્રો દ્વારા સચોટ આલેખન થયું છે. સ્ત્રી-નિર્માતાના પાત્ર દ્વારા સૂત્રધાર રૂપે પાત્રો, પ્રેક્ષકો અને દિગ્દર્શકને થતાં સીધાં સંબોધનો અને તેનાથી સર્જાતા નાટ્યવિક્ષેપો નાટકમાં એક વિશિષ્ટ રચનાતરેહ નિપજાવે છે. નાટ્યસર્જનવેળાની લેખન, અભિનય અને દિગ્દર્શનની એમ ત્રિવિધ ચેતનાની સંકુલતાનું પર્યાપ્ત નાટ્યક્ષમતા સહિત થતું નિરૂપણ કૃતિને નોંધપાત્ર બનાવે છે.

ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો.

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.